
**શહેરમાં નવા રસ્તા, ગટર અને પાણીની સુવિધાના 17 કામોને બહાલી, જ્યારે 12 કામોની મુદત લંબાવવામાં આવી**

# વડોદરા પાલિકાની બેઠકમાં કરોડના વિકાસ કામોને મંજૂરી: કુલ 29 દરખાસ્તો પાસ થઈ

**પાણી** પુરવઠામાં કોઈ કચાશ નહીં: વિવિધ વોર્ડમાં લાઈનોની નિભાવણી માટે વધારાનું બજેટ ફાળવાયું



(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી ખાતે શુક્રવારે સ્થાયી સમિતિની મહત્વની બેઠક અધ્યક્ષ ડો. શીતલ મિસ્ત્રીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠકમાં શહેરના અલગ-અલગ વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ અને વિકાસલક્ષી પ્રોજેક્ટ્સને વેગ આપવા માટે કુલ 30 દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી. લાંબી ચર્ચા અને વિચારણાના અંતે 29 કામોને બહુમતી સાથે મંજૂરી આપવામાં આવી છે, જ્યારે એક દરખાસ્તને માત્ર જાણ હેઠળ લેવામાં આવી છે. પાલિકા દ્વારા આ વખતે ખાસ કરીને રોડ પ્રોજેક્ટ, પાણી પુરવઠા અને વરસાદી ગટર જેવી પાયાની જરૂરિયાતો પર કરોડો રૂપિયાના ખર્ચનું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરના પશ્ચિમ અને દક્ષિણ ઝોનમાં ટ્રાફિક અને રસ્તાની સુવિધા સુધારવા માટે મોટા પાયે આરસીસી રોડ બનાવવાનો નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત બાજવા ગરનાળાથી મ્યુનિસિપલ હદ સુધી 14.54 કરોડના ખર્ચે નવો 24 મીટરનો રસ્તો તૈયાર કરાશે. ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યાને ધ્યાને રાખીને વોર્ડ નં. 10 અને 16 માં નવી વરસાદી ગટર પાઈપલાઈન નાખવા માટે લાખો રૂપિયાના ખર્ચને મંજૂરી અપાઈ છે. પાણી પુરવઠાની વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા માટે વોર્ડ નંબર 4, 6, 15, 16, 17, 18 અને ૧૯ માં લાઈનોની નિભાવણી અને નવી નળિકા નાખવાના કામોને મંજૂરી અપાઈ છે. અનેક કામોમાં સમય મર્યાદા અને નાણાકીય મર્યાદામાં પણ વધારો કરવામાં આવ્યો છે. સ્થાયી સમિતિના અધ્યક્ષે જણાવ્યું હતું કે, રોડ સેફ્ટી માટે ચારેય ઝોનમાં થર્મોપ્લાસ્ટિક પેઈન્ટના કામો માટે વધારાના 50-50 લાખ રૂપિયા ફાળવાયા છે.

આ તમામ પ્રોજેક્ટ્સ સમયસર પૂર્ણ થાય તે માટે સંબંધિત વિભાગોને સૂચના આપી દેવામાં આવી છે.

### હાઈવે ઓથોરિટી પાલિકાને 4.40 કરોડ ચૂકવશે

વડોદરા શહેરના જીએસએફસી સામેના બ્રિજની કામગીરી દરમિયાન પાણીની મુખ્ય ફીડર લાઇનમાં લીકેજ થવાની ઘટના બની હતી. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે હયાત લાઈનને શિફ્ટ કરવાની કામગીરી પાલિકા દ્વારા 4.40 કરોડના ખર્ચે હાથ ધરવામાં આવી હતી. જોકે, આ ખર્ચ પાલિકાની તિજોરી પર નહીં પડે, કારણ કે નેશનલ હાઈવે ઓથોરિટી આ રકમ વડોદરા પાલિકાને રી-એમ્બર્સ કરશે, જેની દરખાસ્તને આજે સમિતિએ જાણમાં લીધી છે.

**રાવપુરા વિસ્તારમાં રહેતા પતિએ ચારિત્ર્ય પર ખોટી શંકા કરી પત્ની એસિડ છાટ્યું હતુ**

# પત્ની પર એસિડ એટેક કરનાર પતિની રેગ્યુલર જામીન અરજી કોર્ટે નામંજૂર કરી

પોલીસ દ્વારા ધરપકડ કરી આરોપી પતિને સેન્ટ્રલ જેલ ભેગો કરી દેવાયો હતો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

રાવપુરા વિસ્તારમાં રહેતા પતિ દ્વારા પત્નીના ચારીત્ર્ય પર શંકા કરીને એસિડ એટેક કર્યો હતો. જેમાં મહિલા શરીર પર 40થી 45 ગંભીર રીતે દાઝી ગયા હતા. પોલીસ દ્વારા આરોપી પતિની ધરપકડ કરીને જેલ ભેગો કરી દેવામાં આવ્યો હતો. ત્યારે આરોપીએ જેલમાંથી મુક્ત થવા માટે વકીલ મારફતે રેગ્યુલર જામીન અરજી રજૂ કરાવી હતી.

પરંત મેજિસ્ટ્રેટ દ્વારા ગુનાની ગંભીરતાને ધ્યાન રાખીને આરોપીની જામીન અરજી નામંજૂર કરી દેવાનો હુકમ કરાયો છે. વડોદરા શહેરના રાવપુરા વિસ્તારમાં શિયાપુરા વિસ્તારમા મુસ્લિમ મહોલ્લામાં રહેતા ઈનાયત ઈસ્માઈલ શેખ પોતાની પત્નીની ચારિત્ર્ય પર ખોટા શક વહેમ રાખી વારંવાર ઝઘડા કરતો હતો અને મારઝૂડ પણ કરતો હતો. દરમિયાન ગત 21 ઓક્ટોબર 2025ના રોજ પત્ની તેના રૂમમા ઉંઘી રહ્યાં હતા. તે દરમિયાન રાત્રીના પોણા દસ વાગ્યાના અરસામાં પતિ ઈનાયત ઈસ્માઈલએ પત્ની સાથે ફરી ખોટો વહેમ રાખીને ઝઘડો કર્યો હતો ત્યારબાદ ઉશ્કેરાઈને બાથરૂમમાંથી એસિડનો બોટલ લઈ આવ્યો હતો અને પત્નીની મોઢા, બંને હાથ, પેટ, ગળાના ભાગ સહિત આખા શરીર પર એસિડીથી છાંટી દીધુ હતું. ત્યારે આ એસિડ એટેકના હુમલામાં મહિલા ગંભીર રીતે દાઝી ગયા હોય તેમને માંજલપુરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા. મહિલા 40થી 45 ટકા એસિડ એટેકના કારણે દાઝી ગયા હતા .પોલીસ દ્વારા એસિડ એટેક કરનાર મહિલાના પતિ ઈનાયત ઈસ્માઈલ શેખની ધરપકડ કરીને સેન્ટ્રલ જેલના હવાલે કરી દેવામાં આવ્યો હતો. દરમિયાન આરોપીએ જેલમાંથી મુક્ત થવા માટે રેગ્યુલર જામીન અરજી વકીલ મારફતે ગુજારવામાં આવી હતી. આ કેસની સુનાવણી ગત 19 ફેબ્રુઆરીના રોજ પારસકુમાર વિનોદરાય ભટ્ટ 13માં એડિશનલ સેશન્સ જજ વડોદરા ની કોર્ટમાં ચાલી ગયો હતો.

જેમાં આરોપીની વકીલ એમ એસ શેખ દ્વારા જામીન પર મુક્ત થવા માટે દલીલો કરી હતી. જ્યારે આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચર્યો છે અને તેને જામીન પર મુક્ત કરવામાં આવે તો ફરીથી પત્ની પર જીવલેણ હુમલો કરી શકે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી. જેથી મેજિસ્ટ્ર દ્વારા એસિડ એટેકના ગંભીર ગુનાને ધ્યાનમાં રાખીને આરોપી દ્વારા કરાયેલી રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરી દેવાનો હુકમ કરાયો છે.

**મહિલા પાસેથી પોલીસે રૂપિયા 2.04 લાખની મતા રિકવર કરાઇ**

# ગોત્રી GMERS હોસ્ટેલમાં ચોરી કરવાની ફિરાકમાં ફરતી મહિલા ઝડપાઈ

રાજકોટ અને દિલ્હીમાં ચોરી કરનાર મહિલાએ પોલીસ સમક્ષ કબૂલાત કરી



(પ્રતિનિધિ) વડોદરા, તા.11

રાજકોટ તથા દિલ્હી ખાતે થયેલી ઘરફોડ ચોરીના બે ગુનામાં સંડોવાયેલી મહિલાને ગોત્રી જીએમઆઈઆર એસ ગર્લ્સ હોસ્ટેલમાંથી ગોરવા પોલીસે ઝડપી પાડી છે. ચોરીની કરવાના ઈરાદે હોસ્ટિલમાં રેકી કરી રહી હતી તે દરમિયાન ચોર મહિલાને પોલીસ દ્વારા દબોચી લેવામાં આવી હતી. ગોરવા પોલીસ સ્ટેશનના પીઆઇ કિરિટ લાઠિયાના સુચના મુજબ હે.કો. પ્રભાતભાઈ તથા પો.કો રાજુભાઈ પેટ્રોલિંગમાં ફરી રહ્યા હતા. દરમિયાન તેમને બાતમી મળી હતી કે એક શંકાસ્પદ મહીલાએ ચોરીના સોના ચાંદીના દાગીના સાથે ચોરી કરવા ગોત્રીની જીએઆઈઆરએસ ગર્લ્સ હોસ્ટેલ ખાતે રેકી કરી રહી છે અને ચોરી કરવાની ફિરાકમાં છે. જેથી ગોરવા પોલીસે હોસ્ટેલમાં જઈને બાતમી મુજબની દેખાયેલા મહિલા દીપ્તિ દિનેશસિંધ સિંઘ (ઉ.વ.૩૦ રહે, સાઉથસીટી કોલોની,લખનઉ, ઉતરપ્રદેશ)ને ઝડતી પાડી હતી. મહિલા પોલીસ દ્વારા મહિલા આરોપીની અંગજડતી કરવામાં આવી હતી. ત્યારે તેની પાસેથી સોનાના દાગીના મળી રૂ. 2.04 લાખની માલમતા રિકવર કરવામાં આવી છે. મહિલા પાસેથી મળી આવેલી મતા બાબતે પોલીસે પુછપરછ કરતા તેણીએ રાજકોટ શહેરના પ્રધ્યુમ્ન પોલીસ સ્ટેશન અને 10 દિવસ પહેલાં દિલ્હીના રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં પણ ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

**કપુરાઇ પોલીસે એક આરોપીને વોન્ટેડ જાહેર કર્યો**

# વાઘોડિયા રોડ પર ચોરી કરનાર બે આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વાઘોડિયા રોડ પર આવેલા મકાનમાંથી ચોરી કરનાર ત્રિપુટી પૈકીના બે આરોપીને કપુરાઈ પોલીસે ઝડપી પાડ્યાં છે. જ્યારે એકનો વોન્ટેડ જાહેર કરાયો છે. વડોદરા શહેરના વાઘોડિયા રોડ વિસ્તારમાં કપુરાઈ પોલીસ સ્ટેશનના પીઆઈ ડી સી રાઉલની સુચના મુજબ ટીમના માણસો પેટ્રોલિંગમાં ફરી રહ્યાં હતા.તે દરમિયાન બાતમી મળી હતી કે ગત 11 ફેબ્રુઆરીના રોજ બપોરના સમેય વાઘોડિયા રોડ પર આવેલી મનોરથ ટેનામેન્ટમાં ચોરી કરનાર આરોપી પૈકી બે શખ્સ ગુરુકુળ ચાર રસ્તાથી હાઈવે તરફ જતા નારાયણ સ્મૃતિ હોસ્પિટલ પાસે અવાવરુ જગ્યાએ મોપેડ પર બેઠા છે. જેથી કપુરાઈ પોલીસ બાતમી મુજબના સ્થળ પર પહોંચી બંને ચોર મનદીપ



ઉર્ફે મનુ મહેશકુમાર શર્મા તથા જિગ્નેશ સંતોષ માળીને ઝડપી પાડ્યાં હતા. પોલીસ દ્વારા બંને જડતી કરાઈ હતી. ત્યારે તેમની પાસેથી રૂપિયા 8 હજાર રોકડા તાળુ તોડવા માટેના લોખંડના રોડ મોપેડ રૂ. 50 હજાર બે મોબાઈલ મળી રૂ. 64 હજારનો મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો છે. જ્યારે ધર્મેશ ઉર્ફે બાબર અરવિંદ વસાવાને વોન્ટેડ જાહેર કરાયો છે.

**કમલાપુરાના યુવકની કાર બે દિવસ માટે લઇ ગયો અને ખેલ કરી નાખ્યો**

# ભાડે ફેરવવા લીધેલી ખેડૂતની કાર ઠગ દ્વારા બારોબાર સગેવગે કરાઈ

ચાર દિવસ થયા છતાં પરત ન આપી, ઠગે ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતુ

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વાઘોડિયા તાલુકાના કમલાપુરા રહેતા નીકુલભાઈ જયેશભાઈ પટેલે ફરીયાદ નોંધાવી છે કે મે સ્કોર્પિયો ગાડી ખરીદ કરી હતી. ગત 7 જાન્યુઆરીના 2026ના રોજ માતા મકાના દીકરા બંટીએ મને જણાવેલ કે મારો મીત્ર મોહિત બલવા જે ગુરુકુલ માર રસ્તા ન્યુ વી.આઈ.પી રોડ પર રહે છે અને તે પણ ગાડીઓ ભાડેથી આપવાનું કામ કરે છે અને તેને બે દીવસ માટે સ્કોર્પિયો ગાડી ભાડેથી જોઈએ છે અને બે દીવસના ભાડાપેટે 10 હજાર રૂપીયા આપવાનું કહે છે. જેથી મીહીત બલવાને મારી સ્કોર્પિયો ગાડી ભાડેથી આપવા માટે મારા ભાઈ ઘંટીને હા પાડી હતી. તે વખતે મોહીત બલવા એ ભાડાના 10 હજાર રૂપીયા ગાડી પરત આપવા આવશે ત્યારે આપીશ તેમ જણાવીને મોહીત મારા ભાઈ બંટી પાસેથી સ્કોપીયો ગાડી ભાડે લઈ લઇ ગયો હતો. ત્યારબાદ 9 જાન્યુઆરીના રોજ મે મારા ભાઈ બંટી રસ્કોપીયો ગાડી તેમજ ભાડાના રૂપીયા માંગતા તેણે મને જણાવેલ હતુ કે મોહીત બલવાને હજુ બીજા બે દીવસ પછી તમને ગાડી અને રૂપીયા આપી જઈશ તેમ જણાવ્યું છે. જેથી બીજા બે દીવસ પછી ફરીથી મે મારા ભાઈને ફોન કરીને પૂછ્યું હતુ કે મોહીત બલવા મારી સ્કોર્પિયો ગાડી પરત આપી હોય તો મને ગાડી અને ચાર દીવસનું ભાડુ આપ ત્યારે મારા ભાઈ બંટીએ મને જણાવ્યું કે મોહીત બલવા મારા ફોન પણ રીસીવ નથી કરતો અને આપની ગાડી ક્યા છે તે પણ જણાવતો નથી. તેવી વાત મારા ભાઈ બંટીએ કરતા હું વડોદરા આવીને મારા ભાઈ બેટી સાથે મોહીત તેના ઘરે ગયા હતા પરંતુ તે હાજર મળી આવ્યો ન હતો અને તેને ફોન કરવા છતા તે અમા રા ફોન ઉપાડતો ન હતો. જે અનુસંધાને ગાડી અંગે તપાસ કરતા છેલ્લે રાજસ્થાન ખાતે હોવાનુ જાણવા મળ્યું હતુ. જેથી પોલીસે કાર ભાડે ફેરવવાનું કહી લઈ જનાર શખ્સની લોકેશનના આધારે શોધખોળ હાથ ધરી છે.

## ગેરી કમ્પાઉન્ડ પાસે મુસાફરો ભરેલી રિક્ષા પલ્ટી, રિક્ષા ચાલકને ચક્કર આવતા સર્જાયો અકસ્માત, મોટી જાનહાનિ ટળી




શહેરના ગેરી કમ્પાઉન્ડ પાસેથી રેલવે સ્ટેશન તરફ જઈ રહેલી એક મુસાફર ભરેલી રિક્ષા અચાનક પલ્ટી ખાઈ જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે આ અકસ્માતમાં તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આજે ગેરી કમ્પાઉન્ડ રોડ પરથી મુસાફરોને લઈને જતી એક રિક્ષા સ્ટેશન તરફ જઈ રહી હતી. તે દરમિયાન રિક્ષા ચાલકને અચાનક ચક્કર આવતા તેણે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. કાબુ ગુમાવતા જ રિક્ષા રસ્તા પર પલ્ટી ખાઈ ગઈ હતી. રિક્ષા પલ્ટી ખાતા જ આસપાસના રાહદારીઓ અને સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. રિક્ષામાં બેસેલા મુસાફરોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. સદનસીબે કોઈને ગંભીર ઈજા ન પહોંચતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. રિક્ષા ચાલકની તબિયત લથડવાને કારણે આ અકસ્માત સર્જાયો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જાણવા મળ્યું છે.

**માથામાં ગંભીર ઇજાઓ થતા ઇજાગ્રસ્તોને સારવાર માટે ખસેડાયાં**

# ઘાંઘરેટિયામાં સેન્ટિંગનો સામાન લઈ જવા મુદ્દે બે જુથ વચ્ચે ઝઘડો થતા ઈંટોથી હુમલો

**મકરપુરા** પોલીસે બંને પક્ષના છ લોકો સામે ગુનો દાખલ કર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરા શહેરના ઘાંઘરેટિયા બ્રિજ પાસે આવેલી સન એક્ઝોટિકા ખાતે રહેતા ભુપતભાઈ પારસિંગભાઈ રાઠવાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ તેમના કાકાના દીકરાઓ મુકેશભાઈ તથા કનુભાઈ સાથે બેઠેલા હતા. તે દરમિયાન તેમની સાઈટ પર કામ કરતા વિજયભાઈ તથા મુકેશભાઈ પાસે આવી તમે કેમ મને પુછ્યા વગર અમારા ફાલક ખપેડાનો સામાન લઈ ગયા છે. તેમ કહી ઝઘડો કર્યો હતો. દરમિયાન તેમના શેઠ કુણાલભાઈ વચ્ચે પડતા સમાધાન થયુ હતું પરંતુ બાદમા વિજય બીજા બે માણસો લઈને આવ્યો હતો અને તમામભેગા મળીને અમારી સાથે મુકેશભાઈ સાથે ઝઘડો કરી માથામાં ઈંટ મારી દીધી હતી. જેમાં તેમને પાંચ ટાકા આવ્યાં હતા. જ્યારે સામા પક્ષના વિજય ગટુર મેણિયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ ફાલક તથા ખડેપા બાબતે ફોન કરી તમે કેમ સામાન લઈ ગયા તેમ કહેતા તેઓ ઉશ્કેરાઈ ગયાં હતા અને એટલામાં મુકેશ,કનુ તથા ભૂપતભાઈ ત્યાઆવી ગયા હતા અને તુ તારી ઓકાતમાં રહેજે તેમ કહી ઝઘડો કરવા લાગ્યાં હતા. દરમાયન ટીનાભાઈ તથા મામા મનિષભાઈ છોડાવવા પડતા વિજય તથા તેમના ભાઈઅને મામા પર ઈંટોથી હુમલો કરવામાં આવ્ હતો. જેથી તેના માથામાં ગંભીરઈજાઓ થતા સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતા.

**મનિષા ચોકડી તથા તરસાલી વિસ્તારમાંથી બે પર્સ ઝુટવી લીધાની કબૂલાત**

# મોપેડ પર જતા સિનિયર સિટીઝન અને મહિલાઓ પાસેથી પર્સ સ્નેચિંગ કરતો ગઠિયો ઝડપાયો

ક્રાઇમ બ્રાન્ચ દ્વારા આરોપી પાસેથી રૂ. 1.09 રિકવર કરાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરાના શહેરમાં મોપેડ પર જતા સિનિયર સિટીઝન અને મહિલાઓને ટાર્ગેટ કરી ચાલુ વાહને પર્સ રોકડ રકમ, મોબાઈલ અને કિંમતી વસ્તુઓ ભરેલા પર્સ ઝુંટવી ફરાર થઈ જનાર આરોપીને ક્રાઈમ બ્રાંચની ટીમે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો છે. જેમાં મકરપુરા અને જે પી પોલીસ મથકમાં નોંધાયેલા બે ચોરીના ભેદ ઉકેલાયાં છે.

આરોપીને આગળની કાર્યવાહી પોલીસ સ્ટેશનમાં સોપાયો છે. વડોદરા શહેરના સનફાર્મા રોડ પરથી ગત 13 ફેબ્રુઆરીના રોજ બેન્કમાંથી ઉપાડેલા રૂપિયા 1.51 લાખ, બે મોબાઈલ અને દવાઓ પર્સમાં મુકીને એક્ટિવા લઈને ચાલક ઘરે જવા નીકળ્યાં હતા. તે દરમિયાન મનિષ ચોકડથી યુ ટર્ન લઈને રાત્રીના ચરોતર પાર્ક પાસે પહોંચ્યાં હતા. ત્યારે મોપેડ પર ત્રણ શખ્સો તેમની પાસે આવ્યાં હતા અને છેલ્લે બેઠેલા શખ્સે ખભામાં લટકાવેલુ પર્સ ખેંચી ફરાર થઈ ગયા હતા.

જેની જે પી રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. દરમિયાન વડોદરા ક્રાઈમ બ્રેન્ચની ટીમ આ બાઈક સવાર પર્સ ચોરતી ત્રિપુટીને ઝડપી પાડવા માટે વિસ્તારમાં પેટ્રોલિંગમા હતી ત્યારે બાતમી મળી હતી કે મકરપુરા એરફોર્સ સ્ટેશનની પાછળ એક શખ્સ શંકાસ્પદ મોપેડ પર જઈ રહ્યો છે. જેથી ક્રાઈમ બ્રાન્ચે મોપેડ સવાર સંદીપ મહેન્દ્રસિંહ જાદવ ( રહે.ઝવેરનગર મકરપુરા ડેપો પાછળ, મૂળ ભૂખી ગામ પંચમહાલ) ને ઝડપી પાડ્યો હતો.

તેની પાસેથી રોકડ, મોબાઈલ સહિત મોપેડ મળી કુલ 1.09 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આરોપીએ જણાવ્યું હતું કે મનિષા ચોકડી પાસેથી મોપેડ ચાલકના ખભા પરથી તથા તરસાલી ઉમા વિદ્યાલય પાસેથી પર્સ ઝુટવી લીધુ હોવાની કબુલાત કરી હતી. જેથી તેમની પાસેતી રોકડા રૂપિયા 14 હજાર, મોબાઈલ 10 હજાર તથા મોપેડ મળી રૂ. 1.09 લાખનો મુદ્દામાલ રિકવર કર્યો છે.

**સુરત બન રહા હૈ ઓર ભી ખૂબસૂરત**

# સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર 'ઉડાન કેફે'નો પ્રારંભ: મુસાફરોને મળશે સસ્તું ભોજન અને નવી આધુનિક સુવિધાઓ

**મુસાફરોના** અનુભવને વધુ સુખદ બનાવવા માટે સુરત એરપોર્ટ પર કુલ પાંચ નવી સુવિધાઓનું લોકાર્પણ થશે



(પ્રતિનિધિ) સુરત, તા.20

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉડાન કેફેની સુવિધા આજથી શરૂ થઈ ગઈ છે, જે એરપોર્ટ પર મુસાફરોને સસ્તી ખાણી-પીણીની સુવિધા પૂરી પાડશે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામ મોહન નાયડુ, કોઈમ્બતુર એરપોર્ટથી ઓનલાઈન સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સહિત દેશના બીજા એરપોર્ટ પર આ સુવિધાનો પ્રારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન સુરત સહિત દેશના અન્ય અનેક એરપોર્ટ્સ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાશે. ઉડાન કેફે એ એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) દ્વારા સંચાલિત એક પહેલ છે, જેનો હેતુ મુસાફરોને પોસાય તેવા ભાવે ગુણવત્તાયુક્ત ખોરાક અને પીણાં પૂરા પાડવાનો છે, ચેક ઈન એરિયામાં આ કેફે સ્થાપિત થવાથી એરપોર્ટ પર પ્રવેશ સાથે જ મોટી સંખ્યામાં પેસેન્જરોને આ સુવિધાનો લાભ મળશે. મુસાફરોના અનુભવને વધુ સુખદ બનાવવા માટે સુરત એરપોર્ટ પર કુલ પાંચ નવી સુવિધાઓનું લોકાર્પણ થશે. તેમાં 'ઉડાન પેસેન્જર કેફે' ઉપરાંત "વન એરપોર્ટ વન પ્રોડક્ટ" યોજના અંતર્ગત 'અવસર' આઉટલેટ શરૂ કરાયું છે, જ્યાં સ્થાનિક સ્વસહાય જૂથોને તેમની બનાવટની વસ્તુઓ પ્રદર્શિત અને વેચાણ માટે મંચ મળશે. આ ઉપરાંત આધુનિક ટેકનોલોજી આધારિત 'ડિજીયાત્રા' સુવિધા દ્વારા મુસાફરો ફેસ રેકગ્નિશન સિસ્ટમથી પેપરલેસ અને કોન્ટેક્ટલેસ એન્ટ્રી મેળવી શકશે. એરપોર્ટ પર હાઈ-સ્પીડ મફત વાઈ-ફાઈ સુવિધા પણ ઉપલબ્ધ કરાશે. નાના બાળકો સાથે મુસાફરી કરતા પરિવારો માટે ખાસ 'કિડ્સ પ્લે એરિયા'ની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે. આ નવી પહેલો દ્વારા સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ મુસાફરોને વધુ સુવિધાસભર અને આધુનિક અનુભવ આપવા તરફ આગળ વધી રહ્યું છે. સુરત બન રહા હૈ ઓર ભી ખૂબસૂરત.

**એકબીજાના પરિવાર સાથે બનતી ન હોય ત્યારે બાળકોને જલેબી આપવામાં વાત વણસી**

# ગુજસીટોકના માથાભારે આરોપીઓ હુસેન અને અકબર સુન્ની વચ્ચે હિંસક મારામારી

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

કારેલીબાગ કાસમઆલા કબ્રસ્તાન ખાતે રહેતા માથાભારે અને ગુજસીટોકના આરોપી અકબર સુન્ની તથા હુસેન સુન્ની બાળકોને જલેબી આપવા બાબતે બાખડ્યાં હતા. જેમાં બંને સામસામે મારામારી કરી એકબીજા પર હુમલો કર્યો હતો. જેથી કારેલીબાગ પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે પોલીસે માથાભારે શખ્સને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે. વડોદરા શહેરના કારેલીબાગ કાસમઆલા કબ્રસ્તા ઈન્દીરાનગરમાં રહેતા સાઈસ્તા અકબર સુન્નીએ નોંધાવેલી ફરિયાદ મુજબ હુસેન કાદરમીયા સુન્નીએ ગત 19 ફેબ્રુઆરીના રોજના સાંજના સાડા છ વાગ્યાના અરસામાં તેમના જેઠની દિકરી મન્નતની તેમના દિકરા ઉવેશને ખાવા માટે જલેબી આપી હતી અને મહિલા તથા સામાવાળાને અણબનાવ હોય અને તેઓ એકબીજાને બોલાવતા પણ નથી. જેથી તેમણે આ જલેબી પરત આપી દેવાનું જણાવ્યું હતુ તે વખતે તેમના જેઠ એક્ટિવા લઈ ઘરની બહાર બેસેલા હોય તેઓ સાંભળી જતા અચાનક ઉશ્કેરાઈ જઈ મહિલા તથા તેમના પતિને ગાળો આપવા લાગ્યાં હતા. ત્યારબાદ જેઠ હુસેન સુન્નીએ મહિલા તથા પતિને ગળદાપાટુનો માર માર્યો હતો ઉપરાંત તેમના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે સામા પક્ષના હુસ્નાબાનુ હુસેન સુન્નીએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે આરોપી અકબર કાદરમીયા સુન્નીની દિકરીએ આરોપીના દિકરા ઉવેશને ખાવા માટે જલેબી આપવા ગઈ હતી ત્યારે આરોપીના દિકરાને આ જલેબી ન ખાવાનુ જણાવ્યું હતુ અને દરમિયાન હુસેન સુન્ની સાંભળી જતા તેમના ઘરે ગયા ત્યારે તેમના પતિ સાથે ઝઘડો કરીને માર મારવા લાગ્યાં હતા. જેમા તેમના પતિને માથાના ભાગે લાકડાનો ફટકો માર્યો હતો. જેથી કારેલીબાગ પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે અકબર તથા હુસેન સુન્ની સામે ગુનો દાખલ કરી તેમને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.